મહત્તમ : ૩૫.૩ ડીગ્રી
લઘુતમ : ૧૬.૮ ડીગ્રી
ભેજ
સવારે ૭૭ ટકા ● સાંજે ૪૯ ટકા
ગાંધીનગર તાપમાન

શહેરમાં ખુલ્લી ગટરો નોતરશે ગંભીર અકસ્માત

ઘ-માર્ગ પર ગટરનું ઢાંકણું ખુલ્લી હાલતમાંઃ કોઈ નિર્દોષ વ્યક્તિ જીવ ગુમાવે તે પહેલાં યોગ્ય કાર્યવાહી કરવાની લોકમાંગણી

ઉપરોક્ત તસવીરોને જોઈને ચોક્કસ લાગશે કે આ કોઈ ખાંભી કે કોઈ યાદગાર વસ્તુ રસ્તા વચ્ચે ઉભી કરી હોય પણ આ કોઈ ખાંભી કે યાદગાર વસ્તુ નથી પરંતુ રસ્તા વચ્ચે પડેલા ભુવા એટલે કે ખાડામાં કોઈ પડી ન જાય અને અકસ્માત ન થાય તે માટે કોઈ સજ્જન દ્વારા મૂકવામાં આવેલું એક થર્મોકોલ નું પૂઠું છે.

ઉપરોક્ત તસવીરો ગાંધીનગર ગુજરાતની રાજધાની અને એની ધોરી સમાન ઘ રોડ પરની છે સવારે ફક્ત દસ મિનિટના સમયગાળામાં આટલા ભુવા કે ખાડા મળી શકતા હોય તો એક ચોક્કસ વાત નક્કી થાય છે કે આખા ગાંધીનગરને ચકાસીએ તો આવા કેટલા ભુવા કે ખાડા મળી રહે શું આ ખાડા અને ભુવા કોઈના પડવાની રાહ જોઈ રહ્યા છે કે પછી મહાનગરપાલિકા પાસે ફંડ નો અભાવ છે કે પછી બીજું કંઈ ! પણ એક વાત નક્કી છે કે આવી રીતે ખુલ્લા રાખેલા ખાડા અને આવી રીતે ન પુરેલા ભુવાઓ ચોક્કસપણે નિર્દોષ નાગરિકોનો ભોગ લેતા હોય છે એમાં તંત્ર ઊંઘતું હોય ત્યારે જ નિર્દોષ નાગરિકો રસ્તા ઉપર પડીને છોલાતા હોય છે. વરસાદ બાદ હવે ઠંડી ની મોસમ શરૂ થઈ ગઈ છે ત્યારે હજી સુધી ખાડાઓ અને ગટરોની ખુલ્લી હાલત જોવા મળી રહી છે. તંત્ર દ્વારા દિવાળી સુધી માં ખાડાઓ અને ભુવાઓ સહિતની કામગીરીઓ પૂર્ણ કરવાના વાયદાઓ કરવામાં આવ્યા હતા જે માત્ર કાગળિયા પર રહી ગયા છે કારણ કે અહીંયા માર્ગોમાં હજી ખડારાજ યથાવત છે અને ગટરો ખુલ્લી હાલત માં નજરે પડી રહી છે. આ ઉપરાંત પણ લોકોને સ્થાનિક સમસ્યાઓમાં પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

ઘ રોડ પર હાલ માં જે ખુલ્લી ગટર દેખાઈ રહી છે ત્યાંથી હજારો લોકો ની અવરજવર રહેતી હોય છે.તેમ છતાં કોઈ જવાબદાર તંત્ર ની આંખ ખુલી નથી. કોઈ નિર્દોષ વ્યક્તિ આ ખુલ્લી ગટર માં ગરકાવ થઈ શકે છે અને ગંભીર અકસ્માત બની શકે છે. નવા વર્ષે પણ લોકોને માર્ગો પર ખુલ્લી ગટરો અને ખાડાઓ પરથી પસાર થવાનો વારો આવ્યો છે.કાગળિયા પરના મોટા મોટા વાયદાઓ પર પાણી ફરી વળતા નાગરિકો પણ રોષે ભરાઈ રહ્યા છે.તંત્ર ની સામે મસમોટી ગટર ખુલ્લી પડી રહી હોવા છતાં કોઈ કાર્યવાહી કરી નથી કોઈ જાગૃત નાગરિક દ્વારા થર્મોકોલ નું પુઠું મૂકીને ગંભીર અકસ્માત ન ઘટે તેની ચોકસાઈ દાખવી છે. શહેર માં ઠંડી ની મોસમ માં સવારે ધુમ્મસ ભર્યું વાતાવરણ છવાઈ જાય છે તેવામાં કોઈ વ્યક્તિ આ ખુલ્લી ગટર માં પડી શકે છે. તેથી આવા તમામ ભુવાઓ ખાડાઓ અને ખુલ્લા રહેલા ગટરના ઢાંકણાઓ સત્વરે ઢાંકી નાગરિકોની સુવિધામાં વધારો કરવાની અપેક્ષા સેવાઈ રહી છે.

જન્મદિને વધામણી

પ્રતિભાબેન કનુભાઈ દવે
પ્રમુખ, સંસ્કૃતિ મહિલા પરિવાર
મો. ૯૧૦૬૮ ૨૮૨૦૯

અદીતિ દક્ષેન ત્રિવેદી
બ્યુટીશીયન એન્ડ ટેટૂ માસ્ટર
મો. ૯૮૨૪૧ ૬૪૬૨૬

જયંતિભાઈ વઘાસીયા
ટ્રસ્ટી - સૌરાષ્ટ્ર કચ્છ સમાજ

ઉન્નતિ ઉમાકાંતભાઈ
મો. ૭૩૮૩૪ ૩૯૯૧૮

કિશાબા રઘુવીરસિંહ રાણા

તાજેતરમાં મોરબી ખાતે બનેલી દુર્ઘટનામાં દિવંગતોને આદરપૂર્વક શ્રધ્ધાંજલિ અર્પણ કરવા માટે સરકારી જિલ્લા પુસ્તકાલય સેકટર-૨૧ ખાતે કાર્યક્રમ યોજાયો હતો.

ગાંધીનગરમાં ૫ મી જાન્યુઆરીથી ભવ્ય હનુમાન ચાલીસા કથા યોજાશે

ગાંધીનગર, તા.૩

ગાંધીનગરમાં પહેલી વાર શ્રી કષ્ટભંજન દેવ સારંગપુરના શ્રી હરિ પ્રકાશસ્વામી અથાણાવાળાના વ્યસ્સાને હનુમાન ચાલીસા કથાનું ભવ્ય આયોજન થવા જઈ રહ્યું છે. આ હનુમાન ચાલીસા કથા ૫ જાન્યુઆરી ૨૦૨૩થી ૧૧ જાન્યુઆરી ૨૦૨૩ સુધી ચાલશે. તો તેમાં સેવા કાર્ય કરવા માટે નીચે જણાવેલ કોઈ પણ સભ્યનો સંપર્ક કરી શકો છો. ઉપરાંત કોઈને દૈનિક પોથી યજમાન, કથાના પોથી યજમાન ઉપરાંત વિવિધ ઉત્સવોના ભાગીદાર બનવું હોય તેઓ સંપર્ક કરે. આ કથા કાનમ ગ્રીન્સ પાર્ટી પ્લોટ, વૃંદાવન ટ્રેડ સેન્ટર, ડીએઆઈસીસી સર્કલ, કુડાસણ પાસે આયોજન થવા જઈ રહ્યું છે કોઈને કંઈ સેવા માટે સંપર્ક કરવો હોય તો નિતેશભાઈ-૯૮૨૪૩૯૮૨૮૨, વાસુભાઈ ૯૭૨૫૧૫૨૫૮૮, રાજુભાઈ ૯૮૨૪૭૩૯૨૦૬૧ પ્રશાંતભાઈ ૯૭૨૭૭૦૬૧૫૧, મનીષ શુક્લ ૯૬૨૪૭૪૪૯૧૧ નો સંપર્ક કરવા જણાવ્યું હતું.

ગુજરાત સાહિત્ય અકાદમી અને ગાંધીનગર સાહિત્યસભાનું અનેરું દિવાળી સ્નેહ મિલન

ગાંધીનગર, તા.૩

ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહાએ આ દિવાળીને યાદગાર બનાવવા ગાંધીનગર સાહિત્ય સભાના કારોબારી સભ્યોને દિવાળી સ્નેહ મિલન માટે એમના ઘરે આમંત્રણ આપ્યું હતું. અકાદમીના અધ્યક્ષ દ્વારા આ નવતર પ્રયાસ માત્ર ગુજરાતી સાહિત્ય પ્રત્યે એમનો પ્રેમ દર્શાવે છે. ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ સંજય થોરાત, ઉપાધ્યક્ષ કલ્પેશ પટેલ, મહામંત્રી રમેશ ઠક્કર, સલાહકાર કિશોર જિકાદરા, પ્રતાપસિંહ ડાભી હાકલ, મહેન્દ્રભાઈ રાઠોડ, ડૉ. અજય રાવલ, નેહલ ગઢવી અને ડૉ. દિશા પોપટ આ સ્નેહ મિલનમાં હાજર રહ્યાં હતાં. ગુજરાતી સાહિત્ય અને સાહિત્યકારોની અવનવી વાતો આ સ્નેહ મિલનમાં થઈ હતી. ભાગ્યેશ જહાએ સ્વ. વિનોદ ભટ્ટને યાદ કરીને એમની ત્વરિત જવાબ આપવાની અને વિનોદ વૃત્તિના અનેક પ્રસંગો વર્ણવ્યા હતા. દિવાળી સ્નેહ મિલન દરમિયાન કિશોર જિકાદરા, રમેશ ઠક્કર, સંજય થોરાતે કાવ્ય પઠન કર્યું જ્યારે મહેન્દ્રભાઈ રાઠોડ અને પ્રતાપસિંહ ડાભીએ તરન્નુમમાં રચના પ્રસ્તુત કરી હતી. કલ્પેશ પટેલે 'દિવસો જુદાઈના જાય છે' રચના ગાઈને સંભળાવી હતી. ભાગ્યેશ જહાએ પણ એમની ગઝલ પ્રસ્તુત કરી હતી. સ્નેહ મિલન સાથે પ્રિતી ભોજન હતું અને નેહલ ગઢવી તેમજ દિશા પોપટે વ્યવસ્થાપનની જવાબદારી નિભાવી હતી. આવનાર સમયમાં ગુજરાત સાહિત્ય અકાદમી અને ગાંધીનગર સાહિત્યસભા દ્વારા સાહિત્યના અનેક કાર્યક્રમો યોજાશે એવો નિર્ધાર વ્યક્ત થયો હતો.

સાબરમતી સમુદ્ધિ સેવા સંઘ દ્વારા ફળોના છોડવાઓનું વિતરણ

આર્ચડાયોસીસ ઓફ ગાંધીનગર સંચાલીત સાબરમતી સમૃદ્ધિ સેવા સંઘ દ્વારા આર્થિક રીતે નબળા અને કુપોષિત પરિવારોને સરળતાથી શાકભાજી અને ફળો પોતાની જ વાડીમાંથી મળી રહે તેમજ પોષણયુક્ત આહાર મેળવી શકે તેવા ઉદેશથી તેમને ફળો તેમજ શાકભાજીના છોડવા ભિલોડા તાલુકાના ગામોમાં આપવામાં આવ્યા હતા.

જિલ્લા કાનુની સેવા સત્તામંડળ દ્વારા અધિકાર જાગૃતિ કાર્યક્રમો યોજાશે

ગાંધીનગર, તા.૩

રાષ્ટ્રીય કાનુની સેવા સત્તામંડળ દીલ્હીના સચના હેઠળ ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટીસ તેમજ ગુજરાત રાજય કાનુની સેવા સત્તામંડળ ગુજરાત હાઈકોર્ટના અધ્યક્ષ અરવિંદકુમાર તેમજ જસ્ટીસ અને કારોબારી અધ્યક્ષ ગુજરાત રાજય કાનુની સેવા સત્તા મંડળના સોનિયાબેન ગોકાણીના માર્ગદર્શન અનુસાર જિલ્લાની કાનુની સેવા સત્તામંડળ દ્વારા તા.૩૧ ઓકટોબરથી ૧૩ નવેમ્બરના સમયગાળા દરમ્યાન ગાંધીનગર જિલ્લા તેમજ તાલુકા કક્ષાએ આવેલા તમામ ગામડાઓમાં ઈમ્પાવરમેન્ટ ઓફ સીટીઝન્સ થ્રુ લીગલ અવેરનેસ એન્ડ આઉટરીચ પ્રોગામના અંતર્ગત જાહેર જનતા નાલ્સાની વિવિધ પ્રજાકીય સ્કીમનો વધુને વધુ લાભ લઈ શકે તે હેતુથી ગાંધીનગર જિલ્લામાં આવેલ તમામ ગ્રામ પંચાયતમાં જાહેર જનતા તેનો લાભ લઈ શકે તે માટે અવેરનેશ કાર્યક્રમનું આયોજન કરાયેલ છે જે અંતર્ગત વેલફેર લો અને સ્કીમથી, ફંડામેન્ટલ રાઈટસ અને ફંડામેન્ટલ ડ્યુટીસ, ફ્રી લીગલ એડ અને સર્વિસ, ડીજીટલ ઈનીસેટીઈવ અંગેની માહિતી તેમજ જુદાજુદા કાયદા હેઠળ રાઈટસ અંગેની અવેરનેસ પ્રોગામ કરવામાં આવશે.

શ્રીમદ્ ભગવદ્ કથામૃતમમાં મોટી સંખ્યામાં ભક્તોએ ઉપસ્થિત રહી કથાનું રસપાન કર્યું હતું.

સેક્ટર ૩ ન્યૂ શિવશક્તિમંદિરે તુલસીવિવાહ નું ભવ્ય આયોજન

ગાંધીનગર, તા.૩

સેક્ટર ૩ન્યૂ ખાતે આવેલા શિવશક્તિમંદિરે તા .૫-૧૧-૨૨શનિવાર ના દ્વાદશી તિથિના રોજ સવારે ૧૦:૦૦ કલાકથી "તુલસીવિવાહ "નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે જેમાં નરનારાયણ પ્રભુના પરિવાર અને તુલસી પાલક માતાપિતા તરફથી મંડપ મૂહુર્ત, ગ્રહશાંતિ, પીઠી, જાન પ્રસ્થાન, નારાયણ પોંખાવાનું, હસ્તમેળાપ સહીત કન્યાવિદાય(તુલસી) માતાની વિદાય જેવા પ્રશંગોની ઉજવણી સવારે ૧૦:૦૦થી સૌ ભક્તોના ઉત્સાહ આનંદ સાથે ઉજવણી કરવામાં આવશે. સેક્ટરના સૌ પરીવારો દર્શન લાભ લેવા જાહેર આમંત્રણ પાઠવ્યું હતું.

જિલ્લાની દૂધ મંડળીઓ અને મધુર ડેરી દ્વારા મૃતકોને અંજલિ

ગાંધીનગર, તા. ૩

ઝુલતો પૂલ તુટી જવાના કારણે ઘણી બધી સંખ્યામાં લોકોના મૃત્યું થયા હતા. આ ખૂબ જ દુઃખદ દુર્ઘટના બનેલી હોવાથી, ગુજરાત સરકાર દ્વારા તા. ૨-૧૧-૨૦૨૨ના રોજ રાજયવ્યાપી શોક રાખવામાં આવ્યો હતો. તે અંતર્ગત ગાંધીનગર જિલ્લા દૂધ સંઘના ચેરમેન ડૉ. શંકરસિંહ આર. રાણાની આજ્ઞાનુસાર ગાંધીનગર જિલ્લા દૂધ સંઘની ૨૪૭ દૂધ મંડળીઓ પર રાત્રે કેન્ડલ પ્રગટાવીને શોક પ્રગટ કર્યો હતો.જેમાં ચેરમેન ડૉ. શંકરસિંહ આર. રાણાએ ગોકુલપુરા દૂધ મંડળી ખાતે શોકાંજલી કાર્યક્રમમાં હાજર રહીને જે લોકો આ દુર્ઘટનામાં ઈજાગ્રસ્ત થયેલા છે તેઓ જલ્દીથી સાજા થઈ જાય અને જેઓએ જાન ગુમાવ્યા છે તે મૃતકોના આત્માને શાંતિ મળે તે અર્થે પરમાત્માને પ્રાર્થના કરી હતી.

સે. ૭-એ વસાહત મંડળ દ્વારા મોરબી દુર્ઘટનાના દિવંગતોને શ્રદ્ધાંજલિ

ગાંધીનગર, તા. ૩

મોરબી કેબલ બ્રીજ દુર્ઘટનામાં દિવંગત થયેલા નાગરિકોના આત્માને ચીરશાંતિ મળે અને ઘવાયેલા નાગરિકો ઝડપથી સાજા થાય તે માટે મંડળના પ્રમુખ જશવંત ગાંધીના પ્રમુખપદે પ્રાર્થના સભા રાખવામાં આવી હતી. આ પ્રાર્થનાસભામાં નારાયણભાઈ મોદી, ડૉ. જગદીશભાઈ પંડ્યા, કિશોરભાઈ ત્રિવેદી, સીરાજભાઈ ઘોરી, અમીતભાઈ ચાવડા વગેરેએ શ્રદ્ધાંજલિ અર્પી હતી. હિરેનભાઈ શાસ્ત્રીએ શોક ઠરાવનુ વાંચન કર્યુ હતુ. અશોકભાઈ પટેલ અને ભદ્રેશભાઈ શાહે સફળ આયોજન કર્યુ હતુ. પ્રાર્થના સભામાં બે મિનિટ મૌન પાળી શોક વ્યક્ત કરવામાં આવ્યો હતો.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ.પવાર માણેકલાલ જીપુદાસ** ઉ.વ.૯૦, રાંધેજા
- **સ્વ.સોલંકી હરીશકુમાર મોહનલાલ** ઉ.વ.૪૧, સેકટર-૧૩
- **સ્વ.દંતાણી જયમલભાઈ મંગાભાઈ** ઉ.વ.૬૫, નાગજીના મુવાડા,
- **સ્વ.ઠાકોર જીવીબેન રણછોડજી** ઉ.વ.૬૬, ચાંદીસણા, માણસા
- **સ્વ.શીલુ ગીતાબેન ચંદુભાઈ** ઉ.વ.૭૪, સેકટર-૨૪